# ગુજરાત જાહેર સેવા આયોગ

## રૂબરૂ મુલાકાત માટે પાત્ર ઉમેદવારોની યાદી

## :સુધારા યાદી:

વંચાણે લીધી:(1) આયોગની તા.30.08.2017ની અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોની યાદી

(2) આયોગની તા.27.12.2017ની અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોની બીજી યાદી

(3) આયોગની તા.17.01.2018ની રૂબરૂ મુલાકાત માટે પાત્ર ઉમેદવારોની યાદી

1. સરકારી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય કોલેજ ખાતે અર્થશાસ્ત્રના મદદનીશ પ્રાધ્યાપક, વર્ગ-2 ની જગ્યાએ ભરતી કરવા માટે જાહેરાત ક્રમાંક:81/2016-17ના સંદર્ભમાં આયોગ દ્વારા તા.02.04. 2017ના રોજ યોજાયેલ પ્રાથમિક કસોટીના આધારે અરજી ચકાસણીને પાત્ર થતા કુલ: 148 ઉમેદવારોના બેઠક નંબરોની યાદી આયોગની કચેરી દ્વારા તા.30.08.2017ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી. આયોગના તા.14.10.1986ના કચેરી હુકમથી નિયત નોર્મ્સ મુજબ બિન અનામત (મહિલા) વર્ગના રૂબરૂ મુલાકાત માટે પુરતા ઉમેદવારો ન મળતાં અરજી ચકાસણીને પાત્ર થતા 01 ઉમેદવારના બેઠક નંબરની બીજી યાદી તા.27.12.2017ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી. ત્યારબાદ અરજી ચકાસણીને અંતે રૂબરૂ મુલાકાતને પાત્ર થતા કુલ: 123 ઉમેદવારોની યાદી આયોગ ની કચેરી દ્વારા તા.17.01.2018ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી.

2. આયોગની કચેરી દ્વારા તા.17.01.2018ની રૂબરૂ મુલાકાતને પાત્ર ઉમેદવારોની યાદીમાં બેઠક નંબર.101000141 પરના ઉમેદવારને નામદાર ગુજરાત હાઇકોર્ટમાં દાખલ એસસીએ નં. 9773/2015 સંબંધે તા.03.05.2016ના ચુકાદા સંદર્ભે આ ઉમેદવાર શૈક્ષણિક લાયકાત તરીકે સ્નાતક કક્ષાએ મુળભુત વિષયની પદવી ધરાવતા ન હોવાથી રૂબરૂ મુલાકાત માટે અપાત્ર ગણવામાં આવેલ હતા. તથા આ બેઠક નંબરનો તા.17.01.2018ના રોજ પ્રસિધ્ધ થયેલ યાદીમાં “આયોગે નક્કી કરેલ લાયકી ધોરણ (Passing standard) ધરાવે છે, પરંતુ જાહેરાતની જોગવાઇઓ પરિપુર્ણ કરતા ન હોઇ રૂબરૂ મુલાકાત માટે પાત્ર થતા નથી.” શિર્ષક હેઠળ સમાવેશ કરવામાં આવ્યો હતો.

3. બેઠક નંબર.101000141 પરના ઉમેદવારે કરેલ રજુઆત સંદર્ભે પુન: વિચારણા કરતાં તેઓની B.Com (Business Economics) ની પદવીને B.Com (Economics) સમકક્ષ પદવી ગણી રૂબરૂ મુલાકાતને પાત્ર ગણતાં, આયોગ ની કચેરી દ્વારા તા.17.01.2018 ના રોજ પ્રસિધ્ધ કરવામા આવેલ

# 2 #

રૂબરૂ મુલાકાત માટે પાત્ર ઉમેદવારોના બેઠક નંબરની યાદીમાં બેઠક નંબર: 101000141 નો સમાવેશ કરવામાં આવે છે, આમ થતાં હવે રૂબરૂ મુલાકાતને પાત્ર થતા ઉમેદવારોની કુલ સંખ્યા 124 (ONE HUNDRED TWENTY-FOUR) થશે. તથા આ યાદી હેઠળ ની નોંધ: "આયોગે નક્કી કરેલ લાયકી ધોરણ **(Passing standard)** ધરાવે છે, પરંતુ જાહેરાતની જોગવાઇઓ પરિપુર્ણ કરતા ન હોઇ રૂબરૂ મુલાકાત માટે પાત્ર થતા નથી." માંથી બેઠક નંબર: 101000141 રદ કરતાં, આ સંખ્યા હવે 25 (TWENTY-FIVE) થશે. આયોગની કચેરી દ્વારા તા.17.01.2018ના રોજ પ્રસિધ્ધ થયેલ રૂબરૂ મુલાકાત ને પાત્ર ઉમેદવારોની યાદીની અન્ય વિગતો યથાવત રહેશે.

સ્થળ: ગાંધીનગર-382010
તારીખ: 03.02.2018

સંયુક્ત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ